

# હોળીના રંગોથી સજાવો નખ....



હોળી રંગોનો તહેવાર છે, ખુશી- આનંદનો ઉત્સવ અને એક એવો દિવસ જ્યારે તમે લગભગ મેઘધનુષ જેવા દેખાશો પરંતુ આ વાયબ્રન્ટ કલર્સને માત્ર તમારાં કપડાં અને ચહેરા પૂરતા જ સીમિત શા માટે રાખવા? આ વર્ષે તમારા નખને પણ પાર્ટીમાં સામેલ થવા દો. હોળી પાર્ટીમાં હોળીવાળો ફંકી લુક મેળવવા માટે તમે મેકઅપ અને સારા ડ્રેસઅપ થવા સાથે સાથે નખને પણ સજાવી શકો છો. રંગ, મસ્તી અને ઉમંગભર્યા આ તહેવાર પર પોતાને ટ્રેન્ડી લુક આપવા ઈચ્છતાં હો તો એક નજર નેલઆર્ટ પર પણ નાખવી જોઈએ.

હોળીમાં નખમાં કલર જવાથી હાથ બહુ ખરાબ થઈ જાય છે. કલર કાઢવા તમે કોપરેલ લગાડો કે બેબી ઓઈલ- નખ સાફ કરવા એક મોટા ટાસ્ક જેવું બની જાય છે. ત્યારે નેલ આર્ટ નખ અને હાથ બંનેની ખૂબસૂરતી વધારવાનું કામ કરશે જેથી તમારા હાથ ખરાબ પણ ન લાગે અને હોળીના ટ્રેન્ડને પણ ફોલો કરી શકો. રંગોના આ તહેવારમાં નેલ આર્ટમાં તહેવારના થીમને ધ્યાનમાં રાખો અને બ્રાઈટ કલર્સનો વધારે ઉપયોગ કરો.

## મોનોક્રોમ નેલ પેન્ટ આર્ટ

મોનોક્રોમ કલર્સ, પ્રિન્ટસ અને પેટર્ન આજકાલ ટ્રેન્ડમાં છે. જો તમે સિંગલ કલર લુક પસંદ કરતાં હો તો મોનોક્રોમ નેલ આર્ટ તમારા માટે પર્ફેક્ટ છે. એનાથી હાથ ટ્રેન્ડી અને એલિગન્ટ દેખાય છે. પિન્ક, રેડ, બ્લૂ કે પર્પલ કલર પસંદ કરી શકાય. હોળી માટે વ્હાઈટ બેઝ પર એક બ્રાઈટ કલરનું કોટિંગ કરો. એ બહુ સુંદર લાગશે.

## મિસમેચ્ડ નેલ આર્ટ



આજકાલ આ નેલ આર્ટ ટ્રેન્ડ બહુ લોકપ્રિય છે. એમાં દરેક નખ પર અલગ અલગ ડિઝાઈન અને રંગોનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રકારના નેલ્સ સ્ટાઈલિશ અને બોલ્ડ લુક આપે છે. તમે બ્રાઈટ અને પેસ્ટલ શેડ્સનો ઉપયોગ કરી શકો.

## રેનબો નેલ પેન્ટ આર્ટ

હોળીનો તહેવાર છે તો રંગોની બહાર તો નજરે પડવી જ જોઈએ. જો નેલ્સને વાયબ્રન્ટ અને ફંકી લુક આપવો હોય તો રેનબો નેલ આર્ટ ટ્રાય કરો. એમાં દરેક નખ પર અલગ અલગ કલર લગાડી શકાય અથવા દરેક નખ પર સાત રંગના નેલ પેન્ટથી રેનબો આર્ટ કરો. સફેદ બેઝ લગાડી ઈન્દ્રધનુષના રંગોને હોરિઝોન્ટલી કે વર્ટિકલી લગાડી શકાય. લુકને પૂરો કરવા ફૂલ કે ડોટ્સ જેવી નાની ડિટેલ્સ પણ જોડી શકાય.



સૌંદર્ય

## સ્પાર્કલ હોળી નેલ આર્ટ

જો તમે નખને શાઈની અને ગ્લેમરસ લુક આપવા ઈચ્છતાં હો તો સ્પાર્કલ નેલ આર્ટ ટ્રાય કરો. માર્કેટમાં ગ્લિટર, સિક્વન્સ અને શિયર ટેક્સચરવાળા નેલ પેન્ટ મળે છે. તમે ગોલ્ડ, સિલ્વર કે મલ્ટી કલર ગ્લિટરનો ઉપયોગ પણ કરી શકો.

## મેલ્ટિંગ નેલ આર્ટ

મેલ્ટિંગ નેલ આર્ટ ડિઝાઈન બહુ અનોખી અને ટ્રેન્ડી છે. એમાં કલર્સને એ રીતે બ્લેન્ડ કરવામાં આવે છે જેથી એ મેલ્ટ થતાં હોય એવું દેખાય. આ પ્રકારની નેલ આર્ટ તમે વ્હાઈટ આઉટફિટ્સ સાથે કરશો તો બહુ સારો લુક આવશે.

## ફ્રેન્ચ ટીપ નેલ આર્ટ

જો તમે કલાસી અને એલિગન્ટ લુક ઈચ્છતાં હો તો ફ્રેન્ચ ટીપ નેલ આર્ટને એક નવા અંદાજમાં ટ્રાય કરી શકો. પારંપારિક ફ્રેન્ચ ટિપ્સને બદલે બ્રાઈટ કલર્સ પસંદ કરો અને હોળી થીમવાળી પેટર્નથી એને કસ્ટમાઈઝ કરી નખને ખૂબસૂરત બનાવો.



## ઓમ્બ્રે ઈફેક્ટ નેલ આર્ટ

સોફ્ટ અને સ્ટાઈલિશ લુક માટે ઓમ્બ્રે નેલ આર્ટ ટ્રાય કરી શકાય. એમાં એક જ કલરના અલગ અલગ શેડ્સને મિક્સ કરવામાં આવે છે. જેનાથી ગ્રેડિયન્ટ ઈફેક્ટ આવે છે. હોળી માટે પિન્ક, ઓરેન્જ અને યલો રંગનું મિશ્રણ બનાવી શકાય.

## એબ્સ્ટ્રેક્ટ સ્પ્લેટર

આ હોળીની મસ્તીભરી ભાવનાઓ દર્શાવે છે અને બહુ આસાન નેલ આર્ટ છે. યુનિક અને હંમેશાં બધાંથી અલગ દેખાય છે.

સફેદ અથવા ન્યૂડ બેઝ લગાડો. તમારી મનપસંદના પિન્ક, યલો, બ્લૂ, ગ્રીન જેવા કોઈ પણ નિયોન કલર્સથી નાના ડોટ્સ અને ફિલક્સ રેન્ડમ પેટર્નમાં લગાડો અને પછી સોફ્ટ ઓમ્બ્રેબ્રશથી બધા રંગ ધીરે ધીરે મિક્સ કરો.



## માર્બલ મેજીક નેલ આર્ટ

માર્બલ ડિઝાઈન નેલ આર્ટ બહુ યુનિક અને સ્ટાઈલિશ લાગે છે. એ કરવા માટે વોટર મેબલિંગ ટેકિનકનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં ઘણાં રંગો મિક્સ કરી માર્બલ જેવી પેટર્ન તૈયાર કરી શકાય છે.

## ઈમોજી નેલ આર્ટ

ઈમોજી નેલ આર્ટ ટ્રાય કરી તમે હોળી ફિલિંગ દર્શાવી શકો. આ નેલ આર્ટ ડિઝાઈન્સ ઘણી ફનવાળી પણ હોય છે જે તમને હંમેશાં ખુશી મહેસૂસ કરાવે છે.



